# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય
## આણંદ કૃષિ યુનિવર્સિટી,
## આણંદ – ૩૮૮૦૦૧

### વિદ્યાર્થી સંઘ પરિષદ, વેટેરીનરી કોલેજ, આકૃયુ દ્વારા યોજાયેલ વૃક્ષારોપણનો કાર્યક્રમ

આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ ખાતે તા. ૨૩/૦૭/૨૦૧૮ નાં વિદ્યાર્થી સંઘ દ્વારા ડીન શ્રી, ડો. એ.એમ. ઠાકરની અધ્યક્ષતામાં અને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓનાં નિયામકશ્રી ડો. એસ. એચ. અકબરી તથા અતિથિ વિશેષશ્રી તરીકે આસિસ્ટન્ટ કંઝર્વેશન ઓફ ફોરેસ્ટ ઓફિસર(ACF) શ્રી એમ.એમ. રાજગુરુની હાજરીમાં અને વિદ્યાર્થી સંઘનાં મહાવિદ્યાલયનાં નિયામકશ્રી ડો. જે.બી. નાયકનાં માર્ગદર્શન હેઠળ નવમા સત્રનાં સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ તથા મહાવિદ્યાલયનાં અધિકારીશ્રી/કર્મચારીઓ દ્વારા આયોજિત વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજિત થયેલ હતો. મહાનુભાવો દ્વારા સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓને વૃક્ષોનું પર્યાવરણમાં અગત્ય એવં માહાત્મ્ય સમજાવવામાં આવેલ હતું. કાર્યક્રમ નાં અંતે ડો. જે.બી. નાયકે બહોળી સંખ્યામાં સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને અધિકારીશ્રી/ કર્મચારીઓએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણનો કાર્યક્રમ સફળ બનાવવા બદલ આભાર માનેલ હતો. ત્યાર બાદ નવમા સત્રનાં સ્નાતક વિદ્યાર્થીઓ દ્વારા દસમાં સત્રનાં વિદાયમાન થઈ રહેલ ૫૧ મી સ્નાતક બેચનો શુભેચ્છા કાર્યક્રમ પણ યોજાયેલ હતો. વધુમાં તા. ૨૪/૦૭/૨૦૧૮ નાં મહાવિદ્યાલયનાં સુશ્રુત કોન્ફરેંસ રૂમમાં વિદ્યાર્થી સંઘ દ્વારા માનનીય ભુતપૂર્વ કુલપતિશ્રી રાજસ્થાન યુનિવર્સિટી ઓફ વેટેરીનરી એન્ડ એનિમલ સાઇન્સીસ ડો. એ.કે. ગેહલોત દ્વારા વૈજ્ઞાનિક પ્રવચનનું પણ વિદ્યાર્થીઓ અને અધિકારીશ્રીઓ માટે આયોજન થયેલ હતું.





વિદ્યાર્થી  સંઘ પરિષદ, વેટેરીનરી કોલેજ, આકૃયુ દ્વારા યોજાયેલ

વૃક્ષારોપણનો કાર્યક્રમ